## મહુવા - જેતપુર નેશનલ હાઇવે ૩૫૧ અંતર્ગત પેકેજ -૩ ગાવડકા ચોકડી થી બગસરા સુધીના પેકેજ સાથે

# શ્રી મોદીનાં હસ્તે આજે હાઇવે અને રેલ્વેનાં કામોનું ઇ - ખાતમુહૂર્ત

### અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાની સરકારમાં રજૂઆતને મળી વધુ એક સફળતા



અમરેલી,

આગામી તા. ૧૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દિલ્હી ખાતે થી મહુવા-જેતપુર નેશનલ હાઈવે નં. ૩૫૧ અંતર્ગત પેકેજ - ૩ ગાવડકા ચોકડી થી બગસરા સુધીના કામનું ઈ - ખાતમુહુર્ત કરવાના છે. ત્યારે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ જણાવેલ છે કે, સદર રસ્તાને કુલ પાંચ પેકેજમાં વિભાજિત કરેલ છે. જેમાથી પેકેજ-૧ મહુવા થી બઢડા સુધીના કામનું ખાતમુહૂર્ત થઈ ગયેલ છે અને તા. ૧૧ ના રોજ આદરણીય વડાપ્રધાન પેકેજ-૩નું ઈ - ખાતમુહૂર્ત કરવાના છે.

સાંસદશ્રીએ વધુમાં જણાવેલ છે કે, ગાવડકા ચોકડી થી બગસરા સુધીના માર્ગને અપગ્રેડ

### પેકેજ અંતર્ગત રૂા.૧૨૯ કરોડની રાશિ સાથે ૧૯ કીમીના માર્ગનું થશે અપગ્રેડેશન

કરવાનો જોબ નંબર ભારત સરકારશ્રીના સડક અને પરિવહન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તા-૨૦/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ છે. જેની લંબાઈ ૧૯ કીમી અને અંદાજિત રાશિ રૂ. ૧૨૯.૦૦ કરોડ છે. જેમાં રસ્તાની સપાટીની સુધરણા, બોક્સ અને પાઈપ કલ્વર્ટ નવા બનાવવા, રસ્તાનુ મજબુતી કરણ, જંકશન ની સુધારણા વગેરે જેવા કામોનો સમાવેશ થયેલ છે.

અમરેલી જિલ્લાના તમામ પ્રાણપ્રશ્નોનુ નિરાકરણ લાવી કરોડો રૂપિયા મંજૂર કરવા બદલ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, કેન્દ્રિય સડક અને પરીવહન મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીજી અને મોદી સરકારનો પ્રજાજનો વતી આભાર વ્યક્ત કરેલ છે.

### અમરેલી અને લીલીયાનાં રેલ્વે સ્ટેશને ઓનલાઇન શિલારોપણ અને રેલ્વે સુવિધાઓનું આજે લોકાર્પણ

### સાંસદશ્રીએ શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રિય સડક અને પરીવહન મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીજીનો આભાર માન્યો

રેલ્વે દ્વારા રૂા.૩૦.૭૮૯ કરોડના કામો ગુજરાતમાં પ્રગતિમાં હોય રૂા.૮૩૩૨ કરોડના કામોનું બજેટમાં સમાવેશ કરેલ છે. નિયત થયેલ ઓનલાઈન કાર્યક્રમ મુજબ આજે અમરેલીમાં સવારે ૮ કલાકે ખીજડીયા, અમરેલી ગેઈજ પરિવર્તનની કામગીરીનું ખાતમુહુર્ત અને મોટા લીલીયા ખાતે પીપાવાવ લીપ એગ્રી લોજીસ્ટીક લીમીટેડની સુવિધાઓની લોકાર્પણ વિધી ઓનલાઈન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોજાનાર છે તેમ રેલ્વે સુત્રોમાં જાણવા મળ્યુ છે.

## ડેડાણમાં ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા શાંતિપુર્વક આપી શકે તેવી વ્યવસ્થા



ડેડાણ, (બહાદુરઅલી હીરાણી) ડેડાણમાં શરૂ થનાર ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીભાઈઓ બહેનોમાં પરીક્ષા પ્રત્યે કોઈપણ જાતનો ડરનો માહોલ ન રહે તે હેતુથી ડેડાણ રાજવી પરિવારના દરબાર શ્રી મહેશભાઈ કોટીલા, હિતેન્દ્રભાઈ કોટીલા, રણજીતભાઈ કોટીલા, બ્રહ્મ સમાજ પ્રમુખ દતેશભાઈ જાની, શિવ શામળિયા સ્કુલ મોટા બારમણના સંચાલક રમેશ દાદા જોશી, તેમજ ડેડાણ માધ્યમિક શાળાના આચાર્ય અને શિક્ષક ગણ દ્વારા વિદ્યાર્થીઓને તિલક તેમજ પુષ્પો આપી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ તકે ખાંભા પોલીસ તેમજ હોમગાર્ડ જવાનો અને જી.આર.ડી. જવાનો દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

### સુરતમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપવા નિકળેલા છાત્રનો અકસ્માત : જે હાથે પરીક્ષા લખવાનો હતો એ જ હાથ ભાંગી ગયો

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૦૮/૨૦૨૩૪
તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી લવજીભાઈ નાથાભાઈ ગજેરા રહે.પાણિયાદેવ, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી પાણિયાદેવ ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી લવજીભાઈ નાથાભાઈ ગજેરા રહે.પાણિયાદેવ તા.ધારીવાળાએ તેમના પુત્ર નામે ભરત લવજીભાઈ ગજેરાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૧ ના રોજ ધારી તાલુકાના પાણિયાદેવ મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૧-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

(કોર્ટનો સિક્કો)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૦૭/૨૦૨૩૪
તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી ગજેરા કરમશીભાઈ આણંદજીભાઈ રહે.પાણિયાદેવ, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી પાણિયાદેવ ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી કરમશીભાઈ આણંદજીભાઈ ગજેરા રહે.પાણિયાદેવ તા.ધારીવાળાએ તેમના પોતાના નામે કરમશી આણંદજીભાઈ ગજેરાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૬ ના રોજ ધારી તાલુકાના પાણિયાદેવ મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૧-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

(કોર્ટનો સિક્કો)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૦૯/૨૦૨૩૪
તા.૧૬/૦૨/૨૦૨૪

અરજદાર :- શ્રી લવજીભાઈ નાથાભાઈ ગજેરા રહે.પાણિયાદેવ, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી પાણિયાદેવ ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી લવજીભાઈ નાથાભાઈ ગજેરા રહે.પાણિયાદેવ તા.ધારીવાળાએ તેમના પુત્ર નામે સુરેશભાઈ લવજીભાઈ ગજેરાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૯ ના રોજ ધારી તાલુકાના પાણિયાદેવ મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૧-૦૩-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

(કોર્ટનો સિક્કો)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

**રાજુલાના મહે પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા**

કેવીએટ અરજ નં. ૨-૨૦૨૪

કેવીએટર : પ્રશાંતભાઇ કિરીટભાઇ દોશી ઉ.વ.૪૨, ધંધો વેપાર, ધર્મે હિંદુ, રહે. રાજુલા, ઠે. રામજી મંદિર પાસે, જી.અમરેલી

વિરૂધ્ધ.......................... સામાવાળા.............. કોઇ નહી

બાબત : સી.પી.સી. કલમ ૧૪૮ (એ) મુજબ

**કેવીએટ અરજ**

અમો આ કામના મથાળે બતાવેલા અમો કેવીએટરની અરજીની નમ્ર હકીકત નીચે મુજબ છે.

(૧) અમો અરજદાર મથાળે લખ્યા સરનામે રહીએ છીએ અને વેપાર ધંધો કરી અમારા પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ.

મોજે રાજુલા મુકામે આવેલ બિનખેતી સર્વે નં.૨૩૧ પૈકીની જમીન એકર ૦-૨૬ ગુંઠામાં આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પ્લોટ નં.૧ ચો.મી. ૬૪૦.૦૭ જેનો રાજુલા સીટી સર્વે નં. ૪૨૦૯/૧ વાળી મિલ્કત તા.૨૭-૨-૨૦૧૯ ના રોજ દસ્તાવેજ નં.૩૧૫/૨૦૧૯ થી ખરીદ કરેલ છે. તેમજ મોજે રાજુલા મુકામે બિનખેતી સર્વે નં.૨૩૧ પૈકીની જમીન એકર ૦.૨૬ ગુંઠામાં આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પ્લોટ નં.૨ ચો.મી. ૬૩૬.૬૨ જેનો રાજુલા સીટી સર્વે નં.૪૨૦૯/૨ નો વેચાણ દસ્તાવેજ નં.૩૧૬/૨૦૧૯ તા.૨૭-૨-૨૦૧૯ ના રોજ બંને પ્લોટો સંયુક્ત નામે ખરીદ કરેલ હોય તે બંને પ્લોટોમાં મકાનોનું નિર્માણ કરવા માંગીએ છીએ જે મકાનોનું બાંધકામ અમો કાયદેસર રીતે મળેલી પરવાનગી મુજબ બાંધકામ કરવા માંગતા હોય પરંતુ અમારા હિતશત્રુઓ દ્વારા અમોને ખોટી રીતે હેરાન પરેશાન કરવાના ઇરાદાથી મકાનોનું બાંધકામ અટકાવવાની ગેરકાયદેસર રીતે પેરવી કરે અથવા ખોટી હકીકતો ઉભી કરી નામદાર કોર્ટમાં દાવો દાખલ કરી મનાઇ હુકમની માંગણી કરે તો અમારી ઉપરોક્ત બંને મિલ્કતોમાં બાંધકામ કરતા કે કામ કરતા અન્ય કોઇ ઇસમો દ્વારા અટકાવે તેવી અમોને પુરેપુરી દહેશત છે.

(૨) આ કામના અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓના સમુહ દ્વારા અમારી જગ્યામાં બાંધકામ કરવા કે કામ કરવા બાબતમાં ખોટી રીતે વાંધા તકરારો ઉભા કરી અમારૂ બાંધકામ કે કામ અટકાવવા પ્રયત્ન કરે તેમ હોય હાલ અમારી મિલ્કત કિંમતી હોય અને અમારે બાંધકામ કરવાની જરૂરીયાત હોય આ મિલ્કતમાં અન્ય લોકો અમારૂ કામ રોકવાનો પ્રયત્ન કરે તો અમોને મોટાપાયે નુકશાન જાય તેમ છે અને અમારી સિમેન્ટ, રેતી, ઇંટો, લોખંડ વિગેરે વસ્તુઓ બગડી જાય તેમ હોય અને અમો કેવીએટર પાસે બાંધકામ કરવા માટેનો સમય પણ ખુબ ઓછો હોય અને જો અમારૂ બાંધકામ કરવા માટેની અને અમારી માલ મિલ્કત ઉપર નવેસરથી બાંધકામ કરવાના હોય અને આવામાં જો કોઇ વ્યક્તિ ખોટી રીતે મનાઇ હુકમની માંગણી કરે તો અમો કેવીએટર ને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. જેથી હાલની આ કેવીએટ અરજ દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૩) સબબ અમો કેવીએટર આ કેવીએટ દાખલ કરી દાદ માંગીએ છીએ કે,**

અમોએ પેરા-૧ માં જણાવ્યા મુજબની મિલ્કતો ખરીદ કરેલી હોય અને તેમાં બાંધકામ કરવા માંગતા હોય તેમાં અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓના સમુહ દ્વારા અમારી કેવીએટરની સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની મિલ્કતમાં અમોને કામ કરતા કે બાંધકામ કરતા અટકાવવા ખોટી રીતે કોઇપણ પ્રકારનો દાવો લાવી વચગાળાની મનાઇ હુકમની માંગણી કરે તો તે વખતે અમો કેવીએટરને સાંભળવાની પુરેપુરી તક આપવા મે. થશે. તેમજ સર્વ પ્રથમ અમોને નોટીસ થવા મે.થશે.

(૪) આ કેવીએટર અરજ ઉપર રૂા....... ની કોર્ટ ફી સ્ટેમ્પ ચોડી રજુ કરી છે.

મુ.રાજુલા
તારીખ : ૪-૦૩-૨૦૨૪

-:: એકરાર ::-

આથી હું કેવીએટર એકરાર કરૂ છુ કે સદરહુ અરજી પેરા નં.૧ થી ૩ માં જણાવવામાં આવેલ તમામે તમામ હકીકત સત્ય અને ખરી છે.

મુ.રાજુલા

---

**બાબરા નગરપાલિકા – બાબરા જિ. અમરેલી**
**ઓનલાઇન જાહેર નિવિદા**

આથી બાબરા નગરપાલિકાને, બાબરા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ અન્ડર ગ્રાઉન્ડ ગટર ફેઝ-૨ અન્ડર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ:-ભૂગર્ભ ગટર એકત્રીકરણ સિસ્ટમ માટે RCC NP3 પાઈપોને પૂરા પાડવા, સપ્લાય કરવા, લોઅરિંગ લેઇંગ,જોઇન્ટિંગ, ટેસ્ટિંગ,કમિશનિંગ,ઇન્સ્પેક્શન ચેમ્બર અને હાઉસ કનેક્શનનું બાંધકામ સહિતનું કામ .

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા.૪૮૧.૦૦લાખ | કામની સમય મર્યાદા: ૧૨-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૪,૮૧,૧૦૦/- | ટેન્ડર ફી: રૂા. ૭૦૮૦/- |
| વેબસાઇટનું નામ: | www.tender.nprocure.com |

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૨૫/ ૦૩/ ૨૦૨૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી

ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું ૩૦/૦૩/૨૦૨૪ ના ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, બાબરા નગરપાલિકા, મું.બાબરા, જિ. અમરેલી.

| | |
|---|---|
| ટેકનીકલ બિડખોલવાની તારીખ: | ૦૧/ ૦૪/ ૨૦૨૪, ૧૬.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખ: | ૦૧/ ૦૪/ ૨૦૨૪, ૧૬.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર — બાબરા નગરપાલિકા
પ્રમુખ — બાબરા નગરપાલિકા

જિમાફ/ક્ષાઅર/ન્યક્ત/૨૪




સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઇઝર્સ
RTO એડવાઇઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫










અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...
• વિકટ્રીફાઇ ટાઇલ્સ • સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
• સ્ટાન્ડર્ડ બારી દરવાજા • મેઇન ગેટે સિક્યુરીટી
• ગ્રેનાઇટ પ્લેટફોર્મ • ૨૪ કલાક જનરેટરની સુવિધા
• આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
• સ્ટીલ ગ્રેલીંગ • આર.સી.સી. રોડ
• સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

લાભમ્ લઈને આવે છે. પ્રાઈમ લોકેશનની પ્રોપર્ટી...

| બંગ્લોઝ | પ્લોટ | ફલેટ | ખેતીની જમીન |
|---|---|---|---|
| 4 BHK કે.કે.પાર્ક | ૬.૫ મી×૧૬૦૦ મીટર કે.કે.પાર્ક | 2 BHK શિવલીલા માણેકપરા | મોટા માચીયાળા ચાલુ ખેતીવાળી ૧૨.૫૦ વિઘા જમીન ફુકી મારવાની છે. |
| 2 BHK કે.કે.પાર્ક | ૯.૩૫×૧૫, મીટર પ્રમુખસ્વામીનગર | 2 BHK આંગન ફલેટ | સલડી પહેલા દાડમાં પાટીયા પાસે ૨.૫ વિઘા, ચાવંડ ગામ પાસે ૫ વિઘા વાડી |
| 2 BHK પ્રગતિનગર | ૯.૨૦×૧૩, મીટર ધરમનગર | 1 BHK વિશ્વાસ અને સનફલાવર | |
| 4 BHK ગંગાવિહાર | ૮.૬૭×૧૭ મીટર વૃજભૂમિ-૧૩૭ | 2 BHK વાળા 3 ફલેટ ગોકુલધામ | વાકીયા ગામના પાટીયા પહેલા વાવેતરવાળી ૧૦ વિઘા જમીન વેચવાની છે. |
| 3&5 BHK અક્ષરપાર્ક | ૯.૫ વસા + ૮ વસા =૧૭ વસા ઔદ્યોગિક નેશનલ હાઈવે ટચ | 1 BHK સંકુલ સામે | બગસરાના પાદરમાં ૫ થી ૧૪ વિઘા ફળદ્રુપ જમીન તાત્કાલીક વેચવાની છે. |
| 3 BHK પુષ્કરધામ | શિવલીલામાં નાના મોટા પ્લોટ વસાના ૮.૫૦ લાખ | માણેકસ્થંભ 2 BHK ફલેટ | ધારી રોડ ઉપર નેશનલ હાઇવે ટચ ૧૧ વિઘો બિનખેતીમાં ફેરવાયેલ જમીન વેચવાની છે |
| 3&5 BHK સંકુલ સામે | | | |
| 2&3 BHK પ્રમુખસ્વામી | | | |
| 2&3 BHK ધરમનગર | | | |
| 2&3 BHK યોગીનગર | | | |

■ અમરેલી ગુણાતીતનગરમાં 1BHK અને રિલાયન્સ પાછળ 2BHK વેચવાનું છે
■ ખેડૂત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા માટે તદ્દન સસ્તી ૫ વિઘા જમીન
■ નારાયણનગરમાં 2BHK ફર્નિચર સાથે ઉતર દ્વારનું લોનેબલ મકાન ૧૭.૫૦ લાખ
■ યોગીનગરમાં 3BHK ઉગમણા બારનું રોડ નજીકનું લોનેબલ મકાન
અમરેલીથી ૧૨ કિમીના અંતરે શૈક્ષણિક હેતુ માટે બિનખેતી થયેલ ૨.૫ વિઘા તમામ સુવિધા સાથેનું ૧ થી ૧૦ ધોરણ ની મંજુરીવાળી તૈયાર સ્કૂલ
વધુ વિગત માટે : લાભમ્ પ્રોપર્ટીઝ : 94289 70954 | બપોરે ૨ થી ૩ દરમિયાન ફોન કરવો નહી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૨-૦૩-૨૦૨૪ મંગળવાર

# ભાજપના લાડકા કમિશનર ગોયલનું રાજીનામું ભેદી છે પણ ભેદ થોડાક જ સમય પછી ખુલશે

લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થવાના દિવસો ગણાઈ રહ્યા છે અને ગમે ત્યારે તારીખોની જાહેરાત થઈ શકે છે એવી વાતો વચ્ચે ચૂંટણી પંચમાંથી ચૂંટણી કમિશનર અરુણ ગોયલના રાજીનામાનાં અણધાર્યા સમાચાર આવી ગયા. અરુણ ગોયલનો કાર્યકાળ ૨૦૨૭ સુધી હતો પણ ત્રણ વર્ષ પહેલાં જ તેમણે રાજીનામું આપીને સૌને ચોંકાવી દીધા છે. ગોયલ રાજીનામું આપશે એવી કોઈને કલ્પના પણ નહોતી તેથી આ સમાચાર આંચકાજનક પણ છે.

મહત્ત્વની વાત એ છે કે, લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલા ગોયલે રાજીનામું આપ્યું છે. બીજા ચૂંટણી કમિશનર અનુપચંદ્ર પાંડે ફેબ્રુઆરીમાં જ નિવૃત્ત થયા છે અને રાષ્ટ્રપતિએ ચૂંટણી કમિશનર અરુણ ગોયલનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકાર્યું છે તેથી હવે ચૂંટણી પંચમાં મુખ્ય કમિશનર રાજીવ કુમાર જ બચ્યા છે. કેન્દ્ર સરકાર તાત્કાલિક રીતે બે નવા ચૂંટણી કમિશનરોની નિમણૂક નહીં કરે તો લોકસભાની ચૂંટણી રાજીવ કુમારનો વન મેન શો બની જશે.

અરુણ ગોયલનું રાજીનામું બે રીતે આંચકાજનક છે. પહેલું એ કે, લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવા પહેલાંની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે ને ત્યારે જ ગોયલે મેદાન છોડી દીધું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી ૭-૮ તબક્કામાં યોજાશે અને ચૂંટણી પંચ ૧૩ માર્ચ પછી લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરશે એવું મનાય છે. આ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ને તેમાં અરુણ ગોયલ અત્યંત સક્રિય હતા. ચૂંટણી પંચની ટીમોએ લોકસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે ઘણાં રાજ્યોની મુલાકાત લીધી તેમાં ગોયલે નેતૃત્વ સંભાળેલું. ગોયલ તાજેતરમાં જ તમિલનાડુ અને પછી ઉત્તર પ્રદેશ જઈને આવેલા.

લોકસભાની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે હવે ચૂંટણી પંચની ટીમ સોમવારથી જમ્મુ કાશ્મીરની ત્રણ દિવસની મુલાકાતે જવાની છે. લોકસભા ચૂંટણીની સાથે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પણ થઈ શકે કે નહીં તેવો સુપ્રીમ કોર્ટે સવાલ કરેલો. સુપ્રીમ કોર્ટે ૨૦૨૪ના સપ્ટેમ્બર સુધીમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી કરાવવા આદેશ પણ આપેલો. સુપ્રીમ કોર્ટના આદેશને પગલે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની શક્યતાનો તાગ લેવા માટે ચૂંટણી પંચની ટીમ સોમવારથી કાશ્મીર જવાની છે. કાશ્મીરમાં સમીક્ષા પછી પછી ગુરુવાર કે શુક્રવારે લોકસભાની ચૂંટણીની તારીખોનું એલાન થઈ શકે છે.

બીજું એ કે, ગોયલ મોદી સરકારના માનીતા હતા અને નિયમોની ઐસીતૈસી કરીને તેમને ચૂંટણી પંચમાં મૂકવામાં આવ્યા હતા. ગોયલની નિમણૂકના મુદ્દે ભારે બબાલ થયેલી ને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. સરકારની ભારે ટીકા પણ થઈ હતી પણ ગોયલે રાજીનામું નહોતું આપ્યું, હવે અચાનક શું બન્યું કે તેમણે રાજીનામું ધરી દીધું એ સવાલ થવો સ્વાભાવિક છે.

અરુણ ગોયલ ૧૯૮૫ બેચના આઈએએસ અધિકારી છે અને ચૂંટણી પંચમાં કમિશનર તરીકે નિમાયા પહેલાં અરુણ ગોયલ ઉદ્યોગ સચિવ હતા. અરુણ ગોયલ ૨૦૨૨માં ૨૧ ડિસેમ્બરે નિવૃત્ત થવાના હતા પણ તેમણે ૧૮ નવેમ્બરે સ્વૈચ્છિક નિવૃત્ત એટલે કે વીઆરએસ લઈ લીધું હતું. ગોયલના વીઆરએસની અરજી તાત્કાલિક મંજૂર થઈ ગઈ ને ૧૯ નવેમ્બરે તેમની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક પણ થઈ ગઈ. અરુણ ગોયલ તાત્કાલિક રીતે જ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમાર અને ચૂંટણી કમિશનર અનુપચંદ્ર પાંડે સાથે ચૂંટણી પંચમાં ગોઠવાઈ ગયા તેથી ઘણાંનાં ભવાં વેકાયેલાં.

અરુણ ગોયલની નિમણૂક સામે સિનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણે અરજી દાખલ કરીને સવાલો ઉઠાવ્યા હતા. ભૂષણની અરજી પર સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયા સામે સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ગોયલની ચૂંટણી પંચમાં નિમણૂકની પ્રક્રિયાની ફાઈલ માગી હતી.

સુપ્રીમ કોર્ટના આદેશ પછી કેન્દ્ર સરકારે ચૂંટણી કમિશનર અરુણ ગોયલની નિમણૂકની ઓરિજિનલ ફાઈલ સુપ્રીમ કોર્ટને સોંપી ત્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ટોણો મારેલો કે ચૂંટણી કમિશનરના નિયુક્તિની ફાઈલ વીજળી વેગે ક્લિયર થઈ ગઈ છે. સુપ્રીમે સવાલ પણ કરેલો કે, આ ક્યા પ્રકારનું મૂલ્યાંકન છે ? ગોયલની નિમણૂકના મુદ્દે સરકારે સતત બચાવ કર્યો હતો ને સુપ્રીમ કોર્ટની ટીકા પછી પણ ગોયલ ચીટકી રહ્યા હતા. મોદી સરકારની ઈચ્છા વિના એ શક્ય ના બને એ કહેવાની જરૂર નથી.

સુપ્રીમ કોર્ટની ટીકા-ટિપ્પણીઓ સામે નિંભર સાબિત થયેલા ગોયલે હવે અચાનક કેમ રાજીનામું ધરી દીધું એ રહસ્ય છે.

ગોયલ મોદી સરકારની નજરમાંથી ઊતરી ગયા કે પછી તેમના માટે બીજો મોટો રોલ તૈયાર છે એ જોવાનું રહે છે પણ ગોયલના રાજીનામાના કારણે લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત ઘોચમાં પડશે એવું માનવાને કારણ નથી. તેનું કારણ એ કે, ચૂંટણી પંચ એક વ્યક્તિ પર ચાલતું નથી. પંચની સિસ્ટમ છે એ તો કામ કરી જ રહી છે ને વાસ્તવમાં બધી તૈયારી થઈ ગઈ છે. હવે લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાતની ઔપચારિકતા નિભાવવાની છે. આ ઔપચારિકતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમાર એકલા નિભાવશે.

ગોયલ જેવા ચૂંટણી કમિશનરો આવે છે ને જાય છે. પછીથી તેમને કોઈ યાદ પણ કરતું નથી પણ ગોયલને એ રીતે યાદ કરાશે કે તેમની નિમણૂકમાં ચાલેલા ધૂપ્પલના કારણે સુપ્રીમ કોર્ટે ઝાટકતાં મોદી સરકારે ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગે નવો કાયદો બનાવવો પડેલો.

આ ધૂપ્પલના કારણે સુપ્રીમ કોર્ટે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક પર ઐતિહાસિક ચુકાદો આપતાં ફરમાન કર્યું હતું કે, વડા પ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને દેશના ચીફ જસ્ટિસની બનેલી ત્રણ સભ્યોની કમિટી દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવા માટે રાષ્ટ્રપતિને નામોની ભલામણ કરશે.

કમિટીએ મોકલેલાં નામો પર અંતિમ નિર્ણય લેવાનો અધિકાર રાષ્ટ્રપતિનો રહેશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, જ્યાં સુધી સંસદ ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગે કાયદો ના બનાવે ત્યાં સુધી આ પ્રક્રિયા જ અમલમાં રહેશે. મોદી સરકારે આ ચુકાદાને બદલવા સંસદમાં કાયદો પસાર કર્યો. આ કાયદા પ્રમાણે હવે વડા પ્રધાન, એક મંત્રી અને લોકસભામાં વિપક્ષના નેતા એમ ત્રણ સભ્યોની સમિતિ મુખ્ય ચૂંટણી કમિશનર અને કમિશનરોનાં નામ નક્કી કરે છે.

## પત્નીને પ્રેમ સંબધ હોવાથી સંતાનોનું શું થશે તેવું લાગતા

# સાવરકુંડલા નજીક નવાગામ જાબુડામાં પ્રૌઢનું ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયું

### ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઇ જતા મોત નિપજ્યાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના નવાગામ જાબુંડામાં રહેતા રાઘવભાઈ ગોવિંદભાઈ મેર ઉ.વ.૪૮ની પત્નીને ગુલાબ શેફાભાઈ સોલંકી નામના શખ્સ સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમ સબંધ હોય અને પત્ની ગુલાબ સોલંકી સાથે જવા માંગતા હોય અને સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ હોય અને પોતાની પત્ની ગુલાબ સાથે જતી રહેશે. તો પોતાના સંતાનોનું શુ થશે જે અંગે લાગી આવતા રાઘવભાઈ પોતાના ઘરની પાસે આવેલ નેરામાં આવળના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું પત્ની જયશ્રીબેન ઉર્ફે જયાબેન રાઘવભાઈ મેરે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૨.૩.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ ફાગણ સુદ સુદ બીજ, રેવતી નક્ષત્ર, શુક્લ યોગ,તૈતિલ કરણ આજે રાત્રે ૮.૩૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે.

### માતા તારા વાક્શક્તિ આપનારી અને શત્રુનાશ કરનારી છે

ગ્રહોના રાજા સૂર્ય મહારાજ મીન રાશિમાં પ્રવેશવા જઈ રહ્યા છે વળી ત્યાં રાહુ સાથે ગ્રહણયોગની રચના કરશે જે ઘણા દિગ્ગજ લોકો માટે તકલીફ ઉભી કરનાર બનશે અને ઘણા ઉંચા ગજાના લોકો આઈસોલેટ થતા જોવા મળશે બીમારીના લીધે કે કેઈસના લીધે કારાવાસ યોગની શક્યતા વધશે અને ઘણા હાઈ પ્રોફાઈલ લોકો માટે મુશ્કેલી ઉભી થતી જોવા મળશે તો અસ્તના શનિ મહારાજ રાજનીતિમાં મોટા ઉલટફેર લાવી રહ્યા છે .દશ મહાવિદ્યા વિષે આપણે વાત કરી રહ્યા છીએ ત્યારે સૌ પ્રથમ આપણે માં કાલી વિષે વાત કરી હતી જે કાળ દર્શાવે છે અને સમય પૂર્ણ થયે સૌએ કાળના ખપ્પરમાં હોમાવાનું નક્કી છે એ સૂચવે છે તો બીજી મહાવિદ્યા તારા, માતા કાલી જેવા જ લક્ષણો



ધરાવે છે જાણે કે એની મિરર ઈમેજ હોય!! માં તારા આપણને સંસારમાં થી તારી શકે છે! શ્રી વશિષ્ઠ ષિએ એમની સાધના કરેલી અને તંત્રના રસ્તે માતાની પ્રાપ્તિ કરેલી બ્રહ્માંડની સમગ્ર ભૂમિકા સમજવા યુનિવર્સને સમજવા માટે કાલી અને તારા વચ્ચેના સામ્યને વિચારવું પડે!! માં તારાના હાથમાં સૂચક રીતે કાતર જોવા મળે છે જે પરિસ્થિતિને ચીરીને પણ સાધકને બહાર લાવી શકે છે!! માતા વાક્શક્તિ આપનારી અને શત્રુનાશ કરનારી છે તેનું એકનામ એકજટા પણ છે જે ઉગ્ર સાધનાનું સૂચન કરે છે!! કાલી અને તારા એ રાત્રી સાધના સૂચિત કરે છે અને તેના પરિણામોની સચોટતા વર્ણવે છે!!

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો,દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મધ્યમ રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

# રાજુલા શહેરમાં યુવાનનું હાર્ટએટેક અથવા ઝેરી દવા પી જવા થી મોત

### રાજુલા પોલીસમાં યુવાનનુ મોત થયાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલામાં રહેતા મયુરભાઈ શામજીભાઈ બાબરીયા ઉ.વ.૨૯ તા.૯-૩ના સાંજના ૪ થી ૬ વાગ્યા સુધીના કોઈ પણ સમયે એકાએક હાર્ટ એટેક આવવાથી અથવા પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું મનોજભાઈ શામજીભાઈ બાબરીયાએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## મોટાભાઇએ બાઇક ન આપતા આવેશમાં આવી

# ટીંબીમાં નાનાભાઇએ મોટાભાઇની હત્યા કરી

### માતાએ ઝઘડો કરવા ના પાડતા ઉશ્કેરાઇ ગયો : હત્યારા યુવકને પોલીસે ઝડપી પાડયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે યોગેશભાઈ ડાયાભાઈ સરવૈયા ઉ.વ.૨૨ રહે ટીંબી ઈન્દીરા આવાસ સોસાયટી વાળાના ભાઈઓ નરસિંહભાઈ ડાયાભાઈ સરવૈયા તથા હરજીભાઈ ડાયાભાઈ સરવૈયાઓને બે ત્રણ દિવસથી મોટર સાયકલ બાબતે માથાકુટ ચાલતી હોય. નરસિંહભાઈએ હરજીભાઈને મોટરસાયકલ ચલાવવા આપેલ ન હોય અને માતાએ ઝઘડો કરવાની ના પાડતા તે વાતનું મનદુઃખ રાખી હરજી ડાયાભાઈ સરવૈયાએ તા.૮-૩-૨૪ને સાંજના ૭:૩૦ કલાકે યોગેશભાઈના ઘરે છુટા હાથની મારામારી કરતા નરસિંહભાઈ પડી ગયેલ અને હરજી નરસિંહભાઈની છાતી ઉપર ચડી બેસી જતાં નરસિંહભાઈનું શ્વાસ રૂંધાઈ જવાથી મોત નિપજતા નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હત્યાનો ગુનો નોંધી આ બનાવની તપાસ નાગેશ્રીના પીએસઆઈ પી.વી. પલાસ ચલાવી રહ્યા છે.

## સામાજિક રીતે સબંધ યોગ્ય ન હોવાથી

# બાબરાના નિલવડા ગામની સીમમાં પરપ્રાંતિય પ્રેમી પંખીડાનો આપઘાત

### મામા ભાણકીને પ્રેમ થઇ જતાં સજોડે લીધેલું પગલું

અમરેલી,મુળ એમ.પીના હાલના બાબરા તાલુકાના નિલવડા ગામે ભાભલુભાઈ આપાભાઈ ધાધલની વાડીએ કામ કરતાં ધુમસિંગ ધન્નાભાઈ બિલવડાવાળાની દિકરીને ધુમસિંગના કૌટુંબિક સાળા ક્રિષ્ના સાથે ભાગી ગયેલ હતી અને બન્નેનો મામા ભાણકીનો સબંધ થયો હોય અને ઘર મેળે સમાજના આગેવાનો મળી સમાધાન કરી દિકરીને પરત નિલવડા લઈ આવેલ હતાં. તા.૯-૩ના વહેલી સવારે દિકરી તથા ક્રિષ્ના બન્ને પ્રેમ સબંધ હોય ધુમસિંગની વાડીએ સેઢા ઉપર જઈ એકબીજા વગર રહી શકે તેમ ન હોય અને સામાજિક રીતે સબંધ યોગ્ય ન હોય જેથી બન્નેએ પોતે પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા મોત નિપજયાનું બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## દિકરીને ભગાડી જવા પ્રશ્ને

# ધારીના મોણવેલમાં બે જુથ વચ્ચે મારામારી

### પાઇપ અને કુહાડી ઢીકાપાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારી તાલુકાના મોણવેલ ગામે મુન્નાભાઈ વલકુભાઈ વાઘેલા ભાગ્યુ રાખેલ વાડીએ હતાં. ત્યારે રવિ રમેશભાઈ, રમેશ હરિભાઈ, પકેશ મનુભાઈ, પપ્પુ મનુભાઈ ચારોલીયાએ વાડીએ આવીને કહેલ કે તારો ભાઈ મુકેશ મારી દિકરીને ભગાડી ગયેલ છે તો તે કયાં છે ? જેથી મુન્નાભાઈએ કહેલ અમોને ખબર નથી અમો પણ ગોતિએ છીએ જેથી સારૂ નહીં લાગતા રમેશે ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા રવિએ માથામાં પાઈપ મારી પકેશે આડેધડ શરીરે મારમારતા મુન્નાભાઈના માતા વચ્ચે પડતાં રમેશે માથામાં લાકડાનો ડંડો મારી પપ્પુએ લોખંડના સળીયા વડે શરીરે આડેધડ મારમાર્યાની ફરિયાદ ધારી પોલીસ મથકમાં નોંધાવી છે. જયારે સામાપક્ષે રવિભાઈ રમેશભાઈ ચારોલીયા ઉ.વ.૨૨ રહે. પાણીયા પોતાના ઘરે હતાં ત્યારે મોણવેલ ગામેથી વલકુભાઈનો ફોન આવેલ અને કહેલ કે તારી બહેનને તેડી જાવ જેથી રવિભાઈ તથા તેમના પિતા રમેશભાઈ હરીભાઈ ચારોલીયા તથા મોટાબાપુના દિકરા પકેશભાઈ મનુભાઈ ચારોલીયા, પપ્પુભાઈ મનુભાઈ ચારોલીયા પ્રાઈવેટ વાહન લઈને સાંજના પાંચ વાગ્યે મોણવેલ ગામે ગયેલ રવિભાઈએ તેની બહેન બાબતે પુછેલ તો મુન્ના વલકુભાઈ વાઘેલા, વલકુ ભીમાભાઈ વાઘેલા, રમેશ ભીમાભાઈ વાઘેલાએ કહેલ કે તમો કેસ કરેલ છે તે પાછો ખેંચી લો તો અમો તમારી બહેને ગોતી આપીશું. જેથી રવિભાઈએ કેસ પાછો ખેંચવાની ના પાડતા ગાળો બોલી કુહાડીની મુંઘ્રાટી અને ઢીકાપાટુ વડે મારમારતા માતા પિતા અને ભાઈએ વચ્ચે પડતા વધુ મારથી બચાવેલ અને આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## હાઇવેનું કામ અટકાવી

# હિંડોરણામાં એન્જીનિયર યુવાન ઉપર ત્રણ શખ્સોએ હુમલો કર્યો

### લાકડી પાઇપ અને ઢીકાપાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલા તાલુકાના હિંડોરણા ગામની હદમાં ધાતરડી નદી ઉપર આવેલ પુલ પાસે રાજુલા રહેતા એન્જીનિયર સાહિલ બિજેન્દ્રભાઈ એહલાવત તથા તેના માણસો મહુવા કાગવદર નેશનલ હાઈવે પ્રોજેકટ પર હિંડોરણા ગામે ધાતરવડી નદી ઉપર આવેલ પુલ નજીક પ્રોજેકટની જમીનમાં દિવાલ બનાવવા ખોદકામ કારતા હોય. જેમાં હિંડોરણા ગામેથી ધાતરવડી નદીમાં જવાનો રસ્તો બંધ થતો હોય જેથી સામાત તથા લાલો રહે. હિંડોરણા અને એક અજાણ્યો શખ્સને સારૂ નહીં લાગતા ગેરકાયદેસર મંડળી રચી લાકડી તથા પાઈપ જેવા જીવલેણ હથિયાર ધારણ કરી હાઈવેનું કામ અટકાવી ગાળો બોલી સાહિલભાઈને લાકડી પાઈપ અને ઢીકાપાટુ વડે મુંઢમારમારી અવાર નવાર બળજબરી પુર્વક રૂપિયાની માંગણી કરી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરાના ઘંટીયાણ નજીક અજાણ્યા વાહને બાઇકને હડફેટે લેતા એકનું મોત : બેને ઇજા

### બાઇક સાથે અથડાવી એકનું મોત નિપજાવી બેને ઇજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે નવી હળીયાદ રહેતા ધીરૂભાઈ નાનજીભાઈ વાળાના દિકરા વિવેક ધીરૂભાઈ વાળાના બાઈક જીજે ૨૭આર ૪૪૬૫ સાથે કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી લોકોની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી વિવેકને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી બાઈક પાછળ બેઠેલ યુગ દિનેશભાઈ વાળા, જતીન વિનોદભાઈ વાળાને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી નાસી ગયાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## મૃતક આધેડનું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ પણ

# અમરેલીમાં ભાંગનો પ્રસાદ લીધા બાદ લીવર ખરાબ થઇ જવાથી આધેડનું મોત

### તબીયત લથડતા ખાનગી દવાખાને સારવાર દરમિયાન મોત

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલીમાં રહેતા હિંમાશુભાઈ પરીમલભાઈ મંડોરા ઉ.વ.૪૨ને આજ થી પાંચેક મહિના પહેલા લીવર ખરાબ થતાં લીવર ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરોલ હતું. ત્યાર બાદ તા.૮-૩ના મહાશિવરાત્રીના પર્વે ભાંગની પ્રસાદી પીવાથી તેમની તબીયત લથડતા અમરેલી બિમ્સ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજયાનું દર્શનાબેન મિલનભાઈ રાઠોડે અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## મુરઘી વેચવાની ના પાડેલ છતાં કેમ વેચો છો તેવું કહી

# ધારીના હિમખીમડીપરામાં યુવાન ઉપર હુમલો

### ઢીકાપાટુનો મારમારી ઢસડી ધમકી આપી ફેકચર કર્યુ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)ધારી મેઈન બજાર મનસુખભાઈ ભાલાળાની દુકાનની બાજુની દુકાને હિમખીમડી પરામાં રહેતા સિંકદરભાઈ શરીફભાઈ ફુલશેઠા ઉ.વ.૨૬ મુરઘી વેચવાનો ધંધો કરતા હોય. જેથી મુરઘી નહીં વેચવા કહેલ અને જે અંગે અગાઉ સમાધાન થયેલ હોય તેમ છતાં મુરઘી વેચતા મુરઘી વેચવાની ના પાડી, મકસુદ ઈબ્રાહીમભાઈ, કયુમ ઈબ્રાહીમભાઈ કટારીયા, ઈઝામુલ તથા તેના ભાઈએ લાકડી વડે તેમજ ઢીકાપાટુનો મારમારી ઢસડી ફેકચર કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

### કબાટમાં રાખેલ રોકડ પોણા બે લાખ ઉપરાંતની ચોરીની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી માણેકપરા શેરી નં.૯માં રહેતા જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ સોજીત્રા તા.૯-૩થી ૧૦-૩-૨૪ના ૧૧:૦૦ દરમિયાન ધારીના વિરપુર ગઢીયા ગામે ફાર્મ હાઉસ ગયેલ ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ મકાનના તાળા તોડી રૂમમાં પ્રવેશ કરી કબાટની તિજોરીમાં રાખેલ કન્ટ્રકશનના ધંધાના તથા પત્ની બચતના મળી કુલ રોકડ રૂપિયા ૧,૯૬,૦૦૦ની ચોરી કરી ગયાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયાના પુંજાપાદરમાં આંગણવાડી કાર્યકરને જાતિ વિશે ભેદભાવ રાખીને દુરવ્યવહાર કર્યો

### પુંજાપાદરના બે શખ્સોએ જાતિ વિશે ભેદભાવ રાખી દુરવ્યવહાર કર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે આવેલ આંગણવાડીમાં કાર્યકર તરીકે નોકરી કરતા કાજલબેન જયેશભાઈ દાફડા ઉ.વ.૨૮ તા.૪-૩ના નોકરી કરવા જતાં ભરત ઘુઘાભાઈ વેકરીયાએ પોતાના દિકરાના બે સંતાનોને આંગણવાડીમાં નહીં મોકલવા ભરત ઘુઘાભાઈ તથા ઘુઘાભાઈ વેકરીયાએ સુરેશભાઈ જગાભાઈ સાથે ફોનમાં આંગણવાડીમાં અનુજાતિના બહેન નોકરી કરવા આવેલ હોવાથી પોતાના માતાજીને આભડછેટ લાગે અને તેનો દંડ ભરવો પડે તેવી વાતો કરી જાતિ વિશે ભેદભાવ રાખી દુરવ્યવહાર કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કર્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ત્રણ મોબાઇલ ચોરાયા

### જાફરાબાદ, સુડાવડ અને વંડામાં મોબાઇલ ચોરીની ફરિયાદો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી જિલ્લામાં જાફરાબાદ બગસરાના સુડાવડ તથા સાવરકુંડલાના પિયાવામાં મોબાઈલો ચોરાતા પોલીસ મથકમાં ફરિયાદો નોંધાઈ છે. જેમાં જાફરાબાદ મિઠીવાવમાં રહેતા દિનેશભાઈ મનુભાઈ બારૈયાનો પોતાની બાઈક લઈને નાસ્તો કરવા ગયેલ અને નાસ્તો કરી બંદર ચોકથી ઘરે પરત ફરતા વીવો કંપનીનો સીમ સાથેનો રૂા.૨૭,૯૯૯ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં બગસરા તાલુકાના સુડાવડ ગામે સુરત રહેતા ચંદ્રેશભાઈ સુભાષભાઈ ચોટલીયા તેના મામા હર્ષદભાઈ કેશવજીભાઈ જેઠવા રહે. સુડાવડવાળાના ઘરે ચાર્જીંગમાં મુકેશ સેમસંગ કંપનીનો મોબાઈલ રૂા.૩૦૦૦૦ની કિંમતનો કોઈ ચોરી ગયાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે ત્રીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના પીયાવા ગામ રહેતા રાહુલભાઈ અનકભાઈ ચૌહાણ વંડા ગામે નાસ્તો કરવા ગયેલ ત્યારે વીવો કંપનીનો મોબાઈલ રૂા.૨૦,૯૯૦ની કિંમતનો ટેબલ ઉપર મુકેલ ત્યાંથી કોઈ ચોરી ગયાની વંડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## લાઠીના ચાવંડમાં બાઇક ચોરાયું

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)લાઠી તાલુકાના ચાવંડ ગામે વાહીદભાઈ આરીફભાઈ સરવૈયાનું બાઈક જી જે ૦૪ બીપી ૦૭૮૯ ઘર પાસે પાર્ક કરેલ જમીને પરત આવતા રૂા.૨૨ હજારનું બાઈક કોઈ ચોરી ગયાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૧૦૭૦ થી ૧૬૨૬ મગફળી ૧૦૫૦ થી ૧૩૨૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૩૩-૧૨૪૯
શિંગમોટી-૧૦૫૦-૧૩૨૭
ધાણી-૧૩૯૦-૨૭૩૦
તલસફેદ-૧૬૬૦-૨૯૭૧
તલકાશ્મીરી-૪૧૫૦-૪૧૫૦
એરંડા-૧૦૪૮-૧૧૦૨
ઘઉંટુકડા-૪૧૪-૬૬૮
ઘઉંલોકવન-૪૧૮-૫૬૫
મરચાલાંબા-૯૯૦-૫૫૫૦
ચણા-૯૭૬-૧૦૯૨
કપાસ-૧૦૭૦-૧૬૨૬
રાયડો-૮૬૫-૯૧૧
જીરૂ-૩૪૩૦-૫૬૫૦
ધાણા-૧૧૦૦-૨૦૧૫
સોયાબીન-૮૧૭-૮૩૪
તુવેર-૧૨૦૦-૧૯૬૦
રાય-૧૦૦૦-૧૨૧૨

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૮૦-૩૪૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફલાવર-૨૦૦-૩૦૦
કોબીઝ-૩૦૦-૩૬૦
ટમેટાં-૩૦૦-૪૫૦
વટાણા-૧૦૦૦-૧૨૦૦
ગાજર-૨૪૦-૩૨૦
મુળા-૭૦૦-૮૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૮૦૦-૧૨૦૦
દુધી-૨૦૦-૩૫૦
તુરીયા-૭૦૦-૮૦૦
ભીંડો-૬૦૦-૮૪૦
આદુ-૧૭૫૦-૨૨૨૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૨૦૦-૪૦૦
ટીંડોરા-૭૪૦-૮૨૦
લીમડોમીઠો-૭૦-૧૧૦
મરચાલીલા-૯૦૦-૧૨૦૦
લસણસુકું-૧૬૦૦-૨૬૦૦
લીંબુ-૨૦૦૦-૨૬૦૦
પાલક-૨૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૪૯૫
જુવાર-૪૪૧-૯૦૦
ઘઉં-૪૩૧-૬૧૦
જીરૂ-૩૨૦૦-૩૨૦૦
ચણા-૭૫૦-૧૦૬
અજમા-૨૫૦૦-૨૫૦૦
તુવેર-૧૬૦૦-૧૬૦૦
રાય-૮૬૦-૧૩૦૦
કપાસ-૧૨૦૦-૧૬૧૧
શીંગ-૮૦૦-૧૨૦૦
એરંડી-૮૫૦-૮૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૫૧-૬૩૮
ડુંગળીલાલ-૧૨૫-૪૦૩
ડુંગળીસફદે-૨૧૧-૨૭૭
તલસફેદ-૨૦૯૯-૨૪૭૬
તુવેર-૪૪૦-૧૮૬૦
જીરૂ-૩૮૦૦-૫૧૪૫
ચણા-૯૭૦-૧૪૪૮
નાળીયેર-૪૭૧-૧૬૫૨
મકાઈ-૩૫૧-૩૫૧
કપાસ-૧૧૯૬-૧૫૪૦
સોયાબીન-૮૨૦-૮૩૮

**બાબરા**
કપાસ-૧૩૫૦-૧૬૫૦
ધાણા-૧૧૩૫-૧૮૨૫
ચણા-૧૦૫૩-૧૦૮૭
ઘઉં-૪૬૯-૫૩૧
મેથી-૧૦૮૦-૧૨૧૦
જીરૂ-૪૨૫૫-૫૩૨૫
તુવેર-૧૫૪૦-૧૮૮૦

**ધારી**
કપાસ-૧૨૭૦-૧૫૩૧
મગફળી-૧૧૯૦-૧૪૦૦
મેથી-૧૧૮૫-૧૧૮૫
તુવેર-૧૭૦૦-૧૮૯૫
ચણા-૧૦૪૧-૧૦૭૩
ઘઉં-૩૯૯-૫૧૬
રાઈ-૮૫૧-૧૨૦૦
સોયાબીન-૭૮૬-૭૮૬
ધાણા-૧૦૧૦-૧૬૨૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૫૦-૧૨૮૭
તલસફેદ-૨૬૦૦-૨૭૦૦
જીરૂ-૪૧૦૦-૫૬૦૦
તુવેર-૧૪૮૦-૧૯૦૦
કપાસ-૧૩૫૧-૧૬૪૧
ઘઉં-૪૫૦-૬૪૦
મેથી-૧૦૦૦-૧૨૨૪
ધાણા-૧૪૦૧-૨૫૮૧
ચણા-૧૦૩૦-૧૧૩૫
એરડી-૧૦૫૦-૧૧૦૨
જુવાર-૬૭૦-૮૩૬

**ખાંભા**
કપાસ-૧૩૫૦-૧૬૦૫
તુવેર-૧૬૫૦-૧૬૫૦
ચણા-૧૦૪૫-૧૦૮૨
ધાણા-૧૨૦૦-૧૫૭૧
બાજરો-૪૮૨-૪૮૨
ઘઉં-૪૩૦-૫૫૩
જીરૂ-૪૮૦૦-૪૮૦૦
તલસફેદ-૨૬૦૦-૨૬૦૦

**બગસરા**
કપાસ-૧૨૫૦-૧૬૧૮
મગફળી-૧૦૦૦-૧૦૭૦

તલસફેદ-૨૩૦૦-૨૪૩૫
ઘઉંલોકવન-૩૯૧-૪૯૧
ઘઉંટુકડા-૪૦૩-૫૨૧
તુવેર-૧૩૮૦-૧૭૭૫
ચણા-૯૫૭-૧૦૭૬
ધાણા-૯૦૦-૧૫૯૫
રાયડો-૮૦૦-૮૨૫
શીંગફાડા-૧૨૦૦-૧૨૪૦
મેથી-૬૮૦-૮૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૫૦-૭૦૦
દાડમ-૮૦૦-૧૪૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૫૦૦-૮૦૦
કીવી-૪૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૫૦૦
બોર-૨૦૦-૫૦૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૫૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૮૦૦-૩૪૦૦
અનાનસ-૧૦૦૦-૧૨૦૦
અંગુર-૫૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૦૦૩-૧૫૬૭

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૬.૦
ન્યુનતમ તાપમાન ૧૬.૪
ભેજનું પ્રમાણ ૪૫
પવનની ગતિ સરેરાશ-.૭.૬

### સેવાભાવિ સંસ્થા સારહિ યુથ કલબ દ્વારા દાતાઓના સહયોગથી તપોવન આશ્રમનું નિર્માણ થતાં

# અમરેલીમાં સારહિ તપોવન આશ્રમનું લોકાર્પણ કરાયું

**રામાયણના શબ્દ કોષમા વર્ણવેલા ચાર વન પૈકીનું એક વન તપોવન : પૂ. મોરારી બાપુ**

**અઘરા કામને મક્કમતાથી હાથમા લેવા બદલ અભિનંદન : કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલા**

**અહિં આવનાર લાચાર કે, નિરાધાર નહિં પરંતુ તપસ્વિ છે : શ્રી દિલીપભાઇ સંઘાણી**

**મુકેશભાઈ સંઘાણી એ મારૂ સામાજીક ઘડતર કર્યુ છે : નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા**







અમરેલી,

રામાયણના શબ્દકોષમાં ચાર ઉપવનો દર્શાવવામાં આવ્યા છે વન, ઉપવન, બાગ અને વાટીકા આ ચારેય વન એટલે કે એકતપોવન બને છે. જીવન સંધ્યાએ પહોંચેલા આત્મીયજનોને આ નુતન નિવાસ, આત્મીય સુખ આપનારૂ નિવડે તેવી મંગલ શુભકામના. સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશ સંઘાણીના સંકલ્પરૂપ તપોવન આશ્રમનું લોકાર્પણ કરતા લોકસંત પૂ. મોરારીબાપુએ જણાવ્યુ હતુ. તેઓએ વધુમાં જણાવેલ કે સેવા કાર્યમાં અભાવ પેદા ન થાય અને ભાવપુર્વક જીવન વ્યતીત થાય તેવી શુભ સુવિધા ઉપલબ્ધી બદલ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં કેનીયમંત્રી પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ હતુ કે, દિવસે દિવસે કુટુંબ વ્યવસ્થા ભાંગતી જાય છે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં બુજર્ગને ભોજન કરાવી શકે તેવુ કોઈ રહયુ નથી તેવા ટાઈમે વૃધ્ધ લોકોની સંભાળ લેવાનું ઉમદા કાર્ય મુકેશ સંઘાણીએ કર્યુ છે તે બદલ તેમને અને તેમની સારહિ ટીમને અભિનંદન. આશ્રમ નિર્માણનું કામ અઘરૂ છે તેનાથી પણ અઘરૂ તેને ચલાવવાનું છે પરંતુ આ બન્ને પડકારોને મુકેશ સંઘાણીએ કુનેહપુર્વક પાર પાડયા છે તે અભિનંદન ને પાત્ર છે. આ અવસરે રાષ્ટ્રીય સહકારી અગ્રણી-પુર્વ કેબીનેટમંત્રી દિલીપ સંઘાણીએ જણાવેલ કે, સમાજને નવી દિશા આપે તેવુ નામ છે તપોવન, સેવાની તક આપે એ તપોવન, અહિ આવનાર નિરાધાર કે લાચાર નહિ પરંતુ તપોવનના તપસ્વી બની ને રહેશે. તપોવનની તમામ પ્રકારની વ્યવસ્થાઓ આરોગ્ય થી માંડીને જીવનપર્યત સુધીની પારિવારીક રીતે અને સંસ્કૃતિને અનુરૂપ છે. તપોવન સમગ્ર જીલ્લાનું નહિ પરંતુ રાજયનું સેવા બિંદુ બની રહેશે તેમ જણાવી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જણાવેલ કે, આજે એવી સંસ્થાના ઉદ્‌ઘાટનમાં આવ્યા છીએ કે જેમણે આ સંસ્થાનું નિમાર્ણ કર્યુ છે તેવા મુકેશભાઈ સંઘાણીએ અમારા જીવનમાં સામાજીક સેવાનું પણ ઘડતર કર્યુ છે અમે તેમના માર્ગદર્શન નીચે જ તૈયાર થયા છીએ તે અમારા માટે ગૌરવની બાબત છે. પ્રવર્તમાન સમયમાં તપોવન આશ્રમ જરૂરતમંદ લોકોને આધારરૂપ બની રહેશે તેવા વિશ્વાસ સાથે શુભેચ્છા પાઠવી હતી. સારહી યુથ કલબ ઓફ અમરેલી ની સેવા અનેક ક્ષેત્રે પથરાયેલ છે આજે તે તપતપસ્વિઓનું તપોવન બની ને ઉભરી આવેલ છે. સમાજ સુખી અને સમૃધ્ધ છે એટલે અભાવથી કોઈ વૃધ્ધાશ્રયમા જાય તેવુ નથી પરંતુ ખાનપાન અને રહેણીકહેણીમા ધરખમ બદલાવને કારણે પ્રાકૃતિક દિનચર્યા-ભોજન વ્યવસ્થાઓ નો તાલમેળ સાથે સામાજીક ધોરણે કુટુંબવ્યવસ્થા સમૃધ્ધ અને શસક્ત બનાવવા ઉપર ભાર મુકી તે દિશાના પ્રયાસ સાથે સારહી તપોવન આશ્રમ લોકસેવામા અર્પણ કરવામા આવેલ છે. તપોવનના નિર્માણમા ૨૫ વર્ષ પૂર્વેની એક વૃધ્ધજનની આપવિતીએ પ્રમુખ ભાગ ભજવ્યો હતો તેનું કેન્દ્ધબિન્દુ મુકેશ સંઘાણી. સંસ્થા પ્રમુખ અને યુવા આઈકોન મુકેશ સંઘાણીએ પધારેલા સંતો-મહંતો, રાજારીઓ, જનતા જર્નાદનના સ્વાગત સાથે સંસ્થાનો ઉદ્દેશ અને ભાવિ આયોજનોની રૂપરેખા વર્ણવી હતી. આ તકે ધારાસભ્યશ્રીઓ મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા તેમજ ભરતભાઈ સુતરીયા, અશ્વિનભાઈ સાવલીયા, રાજેશભાઈ કાબરીયા, મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્ભાઈ બસીયા, માયાભાઈ આહીર, યોગેશભાઈ ગઢવી તેમજ અમરેલી, રાજકોટ, સુરત તથા અમદાવાદથી પધારેલ દાતાશ્રીઓ તેમજ અલગ અલગ સમાજ શ્રેષ્ઠી તથા વિવિધ ધર્મસ્થાનોએથી પધારેલા ગાદીપતિ-સંતગણ ઉપસ્થિત રહયા હતા તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રો. કેતનભાઈ કાનરપરીયાએ કરેલ હતુ તેવુ સારહિ યુથ કલબ ઓફ અમરેલીની અખબારી યાદીમાં જણાવેલ છે. યોજાયેલ લોકડાયરામાં ચલાલાનાં શ્રી ઈકબાલભાઈ બેલીમએ અનોખો આનંદ વ્યક્ત કર્યો હતો.

### અમરેલી વડીયા કુંકાવાવ વિધાનસભા વિસ્તારના

# યુવક કોંગ્રેસ પ્રમુખ મોનીલ ગોંડલીયાનો જન્મદિન ઉજવાયો

**સેવાકીય પ્રવૃતિઓ સાથે જન્મદિન ઉજવણી : જન્મદિને શુભકામનાઓનો ધોધ : બાળકોને ખુશ કરી જન્મદિન ઉજવ્યો**



અમરેલી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના મહત્વના વિભાગ યુવક કોંગ્રેસમાં લોકશાહી ઢબે ચૂંટણી લડી જીતી અને વિધાનસભા યુવક કોંગ્રેસ ના પ્રમુખ પદે સેવા આપી રહ્યા છે. શ્રી મોહનીશ (મોનીલ) ગોંડલીયા વર્ષોથી કોંગ્રેસ પક્ષના NSUIથી પોતાની રાજકીય જીવનની શરૂઆત કરી કેટલાય નાના મોટા સુખ દુઃખ ના અવસર ને સારી રીતે પચાવી જાણ્યા છે એમના જાહેર જીવન માં કોંગ્રેસ પક્ષ સિવાય સામાજિક કાર્ય કરતી સંસ્થા મારુતિ નંદન ચેરીટેબલ ટ્રસ્ટ માં સદસ્ય તરીકે પણ ઉત્કૃષ્ઠ કામગીરી નિભાવી રહ્યા છે સાથો સાથ કેટલાય રાજકીય સામાજિક કાર્ય કરી અમરેલી સહિત ના નજીક ના વિસ્તાર માં નાની વયે ખૂબ મોટી લોકચાહના પણ પ્રાપ્ત કરી છે તેવા શ્રી ગોંડલીયાએ આજે બાળકો સાથે રહી પોતાનો જન્મદિન ઉજવી બાળકોને ખુશ કરી દીધા હતાં. તેમના મોબાઈલ નંબર ૯૦૩૩૩૩૩૬૧૫૨ શુભેચ્છા નો ધોધ વહી રહ્યો છે.

## ધારી નજીક જુના ચરખામાં ખોડીયાર માતાજીના મંદિરમાં તસ્કરો ત્રાટકયા

**રોકડ, ચાંદીના છતર, સોનાનું છતર મળી રૂપિયા ૬૨, ૬૦૦ની માલમતા ચોરાઇ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના જુના ચરખા ગામે કથિવદરના રસ્તે આવેલ ખોડિયાર માતાજીના મંદિરમાં દરવાજાના નકુચા તોડી મંદિરમાં રાખેલ દાન પેટીમાંથી રોકડ રૂપિયા ૫૦૦, ચાંદીના અલગ અલગ ત્રણ છતર રૂપિયા ૨૧૦૦ તથા સોનાનું ૧૦ ગ્રામનું અકે છતર રૂા. ૬૦ હજાર મળી કુલ રૂપિયા ૬૨,૬૦૦ની ધારી તાલુકાના ઈંગોરાળા ડુંગરી ગામના વિજય દેવશંકરભાઇ બોરીસાગર ચોરી ગયાની ઉમેશભાઇ ભીમભાઇ વાળાએ ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદ નજીક વઢેરામાં પ્રૌઢનું ગળાફાંસો ખાઇ જતાં મોત થયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે રહેતા ચંદુભાઇ ભાણાભાઇ બાંભણીયા ઉ.વ.૪૫ પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ચાંદગઢમાં આજે રાજબાઈ માતાજીનો પ્રાગટય દિવસ ઉજવાશે



ચાંદગઢ, (ગીરીશ ઠાકર) ચાંદગઢમાં ફાગણ -સુદ-૨ મંગળવાર તા.૧૨-૩ ના આઈશ્રી રાજમાતાજીનો પ્રાગટય દિવસ ઉજવાશે આખો દિવસ ભજન સુધી સંતવાણી જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે ગામના તમામ બાળકોને બટુક ભોજન દાતાશ્રી તરફથી કરવામાં આવશે. આ રાજબાઈ માતાજી લીલીયાના જોશી પરીવારના કુળદેવી છે તેમ પુજારી રમેશભાઈ તૈરૈયાએ જણાવ્યું હતું.

### બાબરામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

અમરેલી, બાબરામાં જાહેર હારજીતનો જુગાર રમતા મહેશ રામજીભાઈ રાઠોડ, યુનુસખાન લાલખાન ઝલવાણી, મુસ્તાકા ઉર્ફે મુન્ના કાસમભાઈ મેતરને પો.કોન્સ મહાવિરસિંહ સિંધવે રોકડ રૂપિયા ૧૭,૫૨૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

### જાળીયા નજીક મોબાઇલ ચોરાયો

અમરેલી, અમરેલી તાલુકાના જાળીયા ગામના પાટીયાની વચ્ચે મછુમાતાજીના મંદિર પાસે બગસરાના રિયાઝભાઈ યુસુફભાઈ કુરેશીનો વિવો કંપનીનો મોબાઈલ રૂા. ૨૧,૯૯૯ની કિંમતનો કોઈ ચોરી ગયાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સુરતમાં લાખોનાં મોબાઇલની ચોરી કરી તસ્કરો મોપેડ પર મુંબઇથી નવસારી પહોંચ્યાં : ક્રાઇમ બ્રાંચે મુંબઇનાં કલ્યાણથી ધરપકડ કરી

# અમરેલીમાં ૨૫ વર્ષથી ચાલી રહેલાં કેસમાં સમાધાન થતાં વિવાદનો સુખદ અંત આવ્યો

**લોક અદાલતમાં સુઃખદ સમાધાન : આજદિન સુધી ન કોઇની જીત, ન કોઇની હાર, થોડી બાંધછોડ, સુઃખદ સમાધાનની વિચારધારા ચરિતાર્થ કરી**

અમરેલી, ભારત દેશની પ્રથમ લોક અદાલત યોજવાનું શ્રેય ગુજરાત રાજયને જાય છે. દેશની પ્રથમ લોક અદાલત ગીર સોમનાથ (ત્યારે જુનાગઢ) જિલ્લાનાં ઉના મુકામે સન ૧૯૮૨નાં વર્ષમાં યોજવામાં આવી હતી. પ્રથમ લોકઅદાલતનું આયોજન થયું ત્યારથી આજદિન સુધી '' ન કોઈની જીત, ન કોઈની હાર... થોડી બાંધછોડ - સુખદસમાધાન'' ની વિચારધારા ચરિતાર્થ થતી જોવા મળી રહી છે અને એ રીતે લોક અદાલત સતત નવી ઉંચાઈઓ સર કરતી રહી છે. લોકઅદાલતની સફળતાની એ જ શુંખલામાં તા.૦૯/૦૩/૨૦૨૪નાં રોજ યોજાયેલી નેશનલ લોક અદાલતમાં વધુ એક કડી ઉમેરાઈ. એડોશનલ સિનીયર સિવિલ કોર્ટ, અમરેલી ખાતે ૧૯૯૭ની સાલથી એટલે કે ૨૫ વર્ષથી ચાલી રહેલાં એક સિવિલ કેસમાં સમાધાન થતાં એક લાંબા ભાગીદારી વિવાદનો સુખદ અંત આવ્યો હતો. કેસની વિગત એવી છે કે, અમરેલી શહેર ખાતે રહેલી એક ભાગીદારી પેઢીનાં એક ભાગીદારે ૧૯૯૭ની સાલમાં અમરેલી કોર્ટમાં દાવો કરી, ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અને નફા-નુકસાનની તમામ ભાગીદારો વચ્ચે સરખે ભાગે વહેંચણી કરવા દાદ માંગી હતી. આ દાવો સતત ૨૬ વર્ષથી લડાતો હતો. તેમાં અમુક પક્ષકારો મરણ પણ ગયેલ હતા. તેમ છતાં યેનકેન પ્રકારે આજદિન સુધી તેનો નિકાલ આવતો ન હતો. આ બાબત એડીશનલ સિનીયર સિવિલ જજ શ્રી ડી.પી. ઓઝાનાં ધ્યાન ઉપર આવી હતી. તેઓએ દાવાનાં પક્ષકારો અને બંને પક્ષનાં વકીલશ્રીઓ સાથે સતત ચર્ચા વિચારણગ કરી હતી અને દાવાનાં વિવાદને સુખદ નિરાકરણ સુધી દોરી લાવ્યા હતા. અંતે, શ્રી ડી.પી. ઓઝાની સમજાવટ તથા વાદી વકીલશ્રી ડી.એમ.ભટ્ટ તેમજ પ્રતિવાદી વકીલશ્રી જી.એમ.દવેનાં સતત પ્રયત્નોથી પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયુ હતું અને વિવાદવાળી સ્થવાર-જંગમ મિલકતનું તમામ ભાગીદારો વચ્ચે સરખી વહેંચણી કરવાનું લોક અદાલત સમક્ષ નકકી થયુ હતું. આ રીતે કોર્ટ તથા વકીલશ્રીઓનાં સંયુકત પ્રયાસોથી એક ૨૬ વર્ષ જુના વિવાદવાળા કેસનો નિકાલ થતાં લોક અદાલતની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો થયો હતો.

## રૂા.૧૫ હજાર કરોડનાં મેગા પ્રોજેક્ટ સાથે રાજુલા પંથકમાં આવી રહેલ

# કોપર પ્લાન્ટ સામે રેલી, સમર્થનમાં પણ બેઠક મળી

### કાલે પર્યાવરણીય લોકસુનાવણી પહેલા માર્કેટયાર્ડમાં બેઠક યોજાઇ : રેલી સાથે વિરોધ દર્શાવી પ્રાંત અધિકારી સમક્ષ આવેદન પત્ર આપી પ્લાન્ટ સામે વિરોધ



રાજુલા, (જયદેવ વરૂ)

રાજુલા જાફરાબાદ વચ્ચે લોઠપુર ગામ નજીક આવી રહેલ કોપર કંપનીના કારણે પર્યાવરણ સહિત સ્થાનિકોને નુકસાન જવાની ભીતિ હોવાને કારણે કેટલાક સંગઠન સંસ્થાના લોકો વિરોધનો સુર ઉઠાવ્યો છે આવતી ૧૩ તારીખ લોઠપુર ગામ નજીક સુનાવણી હોવાને કારણે ખેડૂતો સહિત પર્યાવરણ પ્રેમીઓ સંસ્થાના લોકો દ્વારા રાજુલા કોપર હટાવો સમિતિ દ્વારા એક બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કંપની સામે રોષ આજે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને રેલી સ્વરૂપે પોસ્ટર સાથે પ્રાંત અધિકારી સમક્ષ આવેદન પત્ર આપી રજૂઆતો કરવામાં આવી હતી કંપની સામે વિરોધનો સુર ઉઠાવી રાજય સરકાર સુધી રજુઆત પોહચાડવા માટે પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ જેમા મહુવા તાલુકાના ખેડૂત નેતા ભરતસિંહ વાળા, જયદીભાઈ ધાખડા, ભારતીય કિસાન સંઘ પ્રમુખ વિક્રમભાઈ ધાખડા, ચેતનભાઈ વ્યાસ, પર્યાવરણ પ્રેમી વિપુલ લહેરી, પર્યાવરણ પ્રેમી મનીષભાઈ ગૌસ્વામી, જોરુભાઈ ધાખડા, યુસુબભાઈ દરબાન, ધીરુભાઈ ધાખડા, અમરુભાઈ ધાખડા, ચેતનભાઈ વ્યાસ, ચંદુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા કંપની સામે ભારે રોષ વ્યકત કર્યો હતો.

### કાગવદરમાં ખેડુતો અને સ્થાનિક લોકો દ્વારા કંપનીને આવકારવા આગેવાનોની ઉપસ્થિતીમાં બેઠક મળી : કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા રજુઆતો કરાઇ

મોડી રાતે કાગવદર કંપનીના સમર્થનમાં બેઠક મળી હતી. જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક મોડી રાતે ખેડૂતો સ્થાનિકો કંપની વિરોધ કરનારા સામે સુર ઉઠાવી કંપનીને આવકારવા માટે બેઠક મળી હતી જેમા જિલ્લા પંચાયત સદસ્ય અને જિલ્લા કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, કાગવદર પૂર્વ સરપંચ માહિપતભાઈ વરૂ, ઉંચેયા સરપંચ પ્રતાપભાઈ બેપારીયા, તાલુકા પંચાયત સદસ્ય શિવરાજભાઈ કોટીલા, કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, લોઠપુર સરપંચ રાણાભાઈ મકવાણા, કિસાન મોરચા નેતા કનુભાઈ વરૂ, ખેડૂત નેતા દિલુભાઈ વરૂ, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આજે પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆતો કરી હતી પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવો સ્થાનિક હકારાત્મક લોકો માહિતી મેળવી શકે કોઈ બનાવ ન બને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે માટે પૂરતો બંદોબસ્ત ગોઠવવા માટે પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે

ખેડૂત નેતા ભરતસિંહએ કહ્યું આ ૧૩ મી તારીખએ લોકોએ પોતાના કામ મૂકી સુનાવણીમાં હાજર રહે અને આરોગ્ય સહિત લોકોને ખૂબ નુકસાન કારક છે પ્રદુષણ થશે આ વિસ્તારના લોકો ૧૩ મી તારીખ ચુકી ગયા તો પેઢી ચૂકી ગયા જેવી સ્થિતિ છે આપણે બધા ખેડૂતોએ ઉપસ્થિત રહેવાનું છે કાગવદર પૂર્વ સરપંચ મહિપતભાઈ વરૂ એ કહ્યું અમારે રાતે બેઠક હતી આજુબાજુના લોકો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અમારી માંગણીએ છે અમે સ્થાનિકોએ છીએ વિરોધ કરવાવાળા માહોલ બગાડે છે અમારા વિસ્તારમાં રોજગારી મળશે કેટલાક હિતશત્રુઓ અમારા વિસ્તારમાં ખોટો વિરોધ કરી રહ્યા છે જેના કારણે વિકાસ રૂંધાશે આપણા વિસ્તારમાં કંપની આવી રહી છે બધાએ આગળ આવવાની જરૂર છે

## -:: જાહેર નોટીસ ::-

આથી સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, મોજે હિંડોરણા, તા.રાજુલા, જી.અમરેલી મુકામે આવેલ બિનખેતી જમીન સર્વે નં.૫૯/૧ પી ૧/પી ૧, હે.૦-૪૨-૪૯ વાળી મે.તાલુકા વિકાસ અધિકારી સાહેબ રાજુલાએ તેમના હુકમ નં.મેસુ/૧/જમન/બખપ/વશી/૨૨૮/૧૦ તા.૨૯-૧૦-૨૦૧૦ થી બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે અને તેમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટો પાડવામાં આવેલ છે. જે પ્લોટો પૈકી પ્લોટ નં.૧, ચોરસ વાર ૧૮૭૦.૫૨ ના ચોરસ મીટર - ૧૫૬૪.૦૦ તથા પ્લોટ નં.૨, ચોરસ વાર-૨૨૪૧.૧૩ ના ચોરસ મીટર - ૧૮૭૩.૮૭ કુલ ચોરસ મીટર - ૩૪૩૭.૮૭ ના ભરતભાઇ મેરામભાઇ બોરીચાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાના આવેલ છે. અને સદરહુ બંને પ્લોટ હિંડોરણા ગામનો ગામ નમુના નં.૨ માં ભરતભાઇ મેરામભાઇ બોરીચાના નામે ચાલે છે. સદરહુ પ્લોટ નં.૧ પૈકી, ચોરસ મીટર - ૪૧૭.૦૦ તથા પ્લોટ નં.૨ પૈકી, ચોરસ મીટર - ૩૨૧.૦૦ નેશનલ હાઇવે ૮ ઇ માં સંપાદન થતા કપાત થયેલ છે, જે અંગેનો ખાસ જમીન સંપાદન અધિકારી અને નાયબ કલેકટર, પ્રાંત કચેરી રાજુલાએ પત્ર નં.જસપ/વશી/૯૮૪/૨૦૨૪ તા.૦૧-૦૩-૨૦૨૪ ના રોજનો દાખલો આપેલ છે.

સદરહુ બંને પ્લોટનું ક્ષેત્રફળ કપાત થતા પ્લોટ નં.૧, ચોરસ મીટર - ૧૧૪૭.૦૦ તથા પ્લોટ નં.૨, ચોરસ મીટર-૧૫૫૨.૮૭ કુલ ચોરસ મીટર - ૨૬૯૯.૮૭ ના મારા અસીલ ભરતભાઇ મેરામભાઇ બોરીચા પાસેથી રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા માંગે છે અને તેઓએ અમારી પાસે સદરહું ઉપરોક્ત બંને પ્લોટનું ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મળવા માટે માંગણી કરેલ છે. જે પ્લોટવાળી મિલ્કત પરત્વે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત કે હિસ્સો કે વારસાઇ હક્ક કે ભરણ પોષણનો હક્ક કે બેંક / સંસ્થા / કંપનીનો કોઇપણ પ્રકારનો બોજો, લીયન હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં નીચે જણાવેલ સરનામે અમોને લેખીત અથવા દસ્તાવેજ આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો વાંધો તકરાર નહી આવે તો ઉપરોક્ત પ્લોટોમાં કોઇનો કાંઇપણ પ્રકારનો લાગ ભાગ કે હક્ક, હિત, હિસ્સો, બોજો કે લીયન નથી અને જો હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહુ બંને પ્લોટ ખરીદ કરશે. અને અમો સદરહુ બંને પ્લોટનું ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપીશું, ત્યારબાદ જો કોઇના વાંધા તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની તમામે નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૧૨-૦૩-૨૦૨૪
એસ.ટી.સ્ટેશન પાસે, રાજુલા સીટી

(દિનેશ આર.નિર્મલ)
એડવોકેટ એન્ડ નોટરી પબ્લીક

(જતીન એ.પરમાર)
એડવોકેટ

દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...
SINCE 1999
ઓથો. ડીલર :
Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle — કેશ બોનસ ₹2100
Super Splendor Xtec — કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) — કેશ બોનસ ₹2100
Xoom & Pleasure — એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

## કોપર પ્લાન્ટનો વિરોધ વ્યાજબી કારણોસર કે અંગત સ્વાર્થ ?

૧. અમે આપને જણાવવા માંગીએ છીએ કે આ જે નવો કોપર પ્લાન્ટ આવી રહ્યો છે એ ઝીરો લિકવિડ ડિસ્ચાર્જ અર્થાત કોઈ પણ પ્રકારનું ગંદુ પાણી પ્લાન્ટમાંથી બહાર કોઈ પણ જગ્યાએ છોડવામાં આવશે નહિ. તથા બધા જ પ્રકારના હવા પ્રદુષણને રોકવાના ઉપકરણો બધી જ ચીમનીઓ પર લગાવવામાં આવશે. જેથી આજુબાજુની જીવસૃષ્ટિ પર અસર નહીં થાય.

૨. સૂચિત પ્રોજેકટના કારણે હવાનું તાપમાન ઉંચુ જવાની કોઈ શક્યતા નથી, કારણ કે, એવી કોઈ પ્રોસેસ પ્લાન્ટમાં થવાની નથી. પ્લાન્ટમાં નેચરલ ગેસનો ઉપયોગ થવાનો છે. વળી પ્રોજેકટ દરિયાઈ વિસ્તારથી દૂર હોવાથી જીવસૃષ્ટિ અને મત્સ્ય ઉધોગને અસર થવાની વાત ૧૦૦ ટકા જૂઠાણું અને ગેરમાર્ગે દોરનાર છે. ઓધોગિક પ્રક્રિયાને અંતે ઉત્પન થતાં ઘન અને જોખમી કચરાનો પ્રર્યાવરણ મંત્રાલયના આદેશો અને માર્ગદર્શન પ્રમાણે નિકાલ નિયત કરેલી જોખમી કચરાની સાઇટમાં કરવામાં આવશે. જેના લીધે ભૂગર્ભજળને કોઈ પણ જાતનું નુકશાન થવાની શક્યતા જ નથી.

૩. સૂચિત પ્રોજેક્ટના બાંધકામ દરમિયાન આશરે ૩૦૦૦ થી વધુ લોકોને રોજગારી મળશે. ઉપરાંત આજુબાજુના ગામમાં જરૂરિયાત પ્રમાણે સીએસઆર પ્રવુતિઓ જેમકે ખેતી સંરક્ષણ, ગૌચર વિકાસ, શિક્ષણ, આરોગ્ય, મહિલા ઉત્કર્ષ, યુવા રોજગારી હાથ ધરવામાં આવશે. જેથી લોકોને સ્થાનિક ધંધા રોજગારમાં અકલ્પનીય વૃદ્ધિ થશે અને તેનો આર્થિક લાભ તાલુકા અને જિલ્લાને મળશે.

પાણી, હવા, જન આરોગ્ય, ખેતી અને માછીમારીને નુકશાન થશે જેવી બાબતોમાં લોકો અને ખેડુતોને ભરમાવતા લોકોએ ઓળખો... આ લોકો જિલ્લાના અને તાલુકાના વિકાસના હિતશત્રુઓ છે.

સૌજન્ય :-
લોઠપુર, લુણસાપુર, કાગવદર, ઉચિયા, વાંઢ, બાલાનીવાવ, ભટ્ટવદર, કોળી-કંથારીયા, મીઠાપુર તથા ભચાદર ગ્રામ પંચાયતો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી - રાજુલા, જાફરાબાદ - ખાંભા તેમજ રાજુલા, જાફરાબાદ, ખાંભા ખેડુત એકતા મંચ ઉપરાંત અનેક જાહેર હિતની સંસ્થાઓ

## દુ:ખદ અવસાન / બેસણું



### સ્વ.નર્મદાબેન પોપટભાઇ વિરાણી (ઉ.વ.૮૪)

સ્વ.તા.૧૧-૦૩-૨૦૨૪, સોમવાર, મુ.લીલીયા મોટા

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા માતુશ્રી સ્વ.નર્મદાબેન પોપટભાઇ વિરાણી (ઉ.વ.૮૪) તા.૧૧-૦૩-૨૦૨૪ ને સોમવારના રોજ ગૌલોકવાસી થયેલ છે. ભગવાન તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

**-:: સદગતનું બેસણું ::-**

તારીખ : ૧૪-૦૩-૨૦૨૪ ને ગુરૂવારના રોજ
સમય : સવારે ૮:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી
સ્થળ : પાનશેરીયા પ્લોટ, લીલીયા મોટા, અરવિંદભાઇ પોપટભાઇ વિરાણીના નિવાસ સ્થાને રાખેલ છે.

લી.

અશોકભાઇ પોપટભાઇ વિરાણી (પત્રકાર - અવધ ટાઇમ્સ) મો.૯૪૨૭૨ ૩૦૦૦૧
અરવિંદભાઇ પોપટભાઇ વિરાણી મો.૯૭૧૪૨ ૨૯૦૧૯
દિવ્યેશભાઇ જયસુખભાઇ વિરાણી મો.૭૬૦૦૧ ૦૪૨૧૮
દામજીભાઇ રવજીભાઇ વિરાણી મો.૯૭૧૪૬ ૯૯૪૭૧
મુકેશભાઇ બાબુભાઇ વિરાણી મો.૯૮૨૪૨ ૩૪૩૪૨
પ્રકાશભાઇ ગોવિંદભાઇ વિરાણી મો.૯૯૯૮૫ ૧૪૩૧૧
વિરાણી પરિવારના જયશ્રી કૃષ્ણ મુ.લીલીયા મોટા

મધુવન ગોલ્ડ આર્ટ
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
જુની બજાર, પાણી દરવાજા ચોક, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in

## ભાવભરી શ્રધ્ધાંજલી



### સ્વ. અતુલભાઇ ભગવાનજીભાઇ હિંગુ

સ્વ.તા.૩-૩-૨૦૨૪, રવિવાર

ચક્કરગઢ નિવાસી હાલ અમદાવાદ સ્વ. અતુલભાઇ ભગવાનજીભાઇ હિંગુ તા.૩-૩-૨૦૨૪ ના રોજ અવસાન પામેલ છે. સદગતના અવસાનથી ચક્કરગઢ ગામને કદીયે પુરાય નહી તેવી ખોટ પડેલ છે. સ્વપ્ન આપના આભથી ઉંચા, મનોબળ આપનું લોખંડથી મજબુત, દિલ આપનું કર્ણથી ઉદાર, કારકિર્દી આપની સુરજથી ઝળહળતી, વિદાય આપની વેદનાથી વસમી.પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

ભરતભાઇ મીસ્ત્રી - અશોકભાઇ ધોરાજીયા
રાજુભાઇ જેઠવા - રજનીભાઇ ધોરાજીયા
ચંદ્રેશભાઇ વેલાણી - ચંદુભાઇ ધામી
તથા સમસ્ત ચક્કરગઢ ગામ પરિવાર

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦




## આશ્રમ ભૂમિ વંદના

મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ
પુનઃનિર્માણ પ્રોજેક્ટનો
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
વરદ્‌હસ્તે શુભારંભ

૧૨ માર્ચ ૨૦૨૪, મંગળવાર | સવારે ૦૯:૩૦ વાગે | સાબરમતી આશ્રમ, અમદાવાદ.

## પુન:નિર્માણ બાદ આશ્રમની વિશેષતાઓ

- ગાંધી આશ્રમ પુનઃનિર્માણના ₹ ૧૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરાનાર આ પ્રોજેક્ટ હેઠળ હવે કુલ ૫૫ એકરના આશ્રમ વિસ્તારમાં મહાત્મા ગાંધીના જીવન અને જીવનમૂલ્યો આધારિત એક સ્મરણાંજલિ રૂપ વિશ્વસ્તરીય સ્મારક બનાવવામાં આવશે.
- મૂળ આશ્રમની અનુશાસિત, સરળ અને પ્રમાણિત વાસ્તુકલા તથા બાંધકામ શૈલીને અનુસરીને આશ્રમની ૨૦ જૂની ઈમારતોનું સંરક્ષણ, ૧૩ ઈમારતોનું પુનઃસ્થાપન અને ૩ ઈમારતોનું પુનઃનિર્માણ કરવામાં આવશે.
- પૂજ્ય બાપુના સત્ય, અહિંસા, સદાચાર, સ્વાશ્રય જેવા જીવનમૂલ્યો, આશ્રમ જીવનના આદર્શો તથા આશ્રમવાસી સ્વાતંત્ર્યસેનાનીઓની જીવનચર્યા પર પ્રેરણાદાયી પ્રદર્શન.
- ગાંધી આશ્રમમાં બાપુના નિવાસ દરમિયાન થયેલ ચિંતનમાંથી નિર્મિત વિવિધ સત્યાગ્રહો તથા સમગ્ર સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાઓ ઉપર ઈન્ટરેક્ટિવ પ્રદર્શન.
- મહાત્મા ગાંધીના પરંપરાગત જ્ઞાન અને આત્મનિર્ભરતાના મૂલ્યોને લોકમાનસમાં ઉજાગર કરવાના હેતુથી વિવિધ પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ જેવી કે સુતર, કાંતણ, કાગળની વસ્તુઓ બનાવવા માટે વર્કશોપનું આયોજન.
- આ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર આશ્રમ પરિસરમાં શાંત અને લીલુંછમ કુદરતી વાતાવરણ ઊભું થશે.
- મુલાકાતીઓ માટે વૈશ્વિક ધોરણો અનુસાર સુવિધાઓ જેમ કે, ઓરિએન્ટેશન સેન્ટર, ફૂડ કોર્ટ અને સુવેનિઅર શૉપ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

**આ સ્મારક ગાંધીજીના યોગદાન અને આદર્શોને ગહન રીતે સમજવા માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે.**

વધુ જાણકારી માટે સ્કેન કરો

**દાંડીકૂચ દિવસના અવસરે પૂજ્ય બાપુ અને સૌ સત્યાગ્રહીઓને શત્ શત્ નમન**

**મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ**



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યૂઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat